**કુન્દનિકા કાપડીઆને નિવાપાંજલી.**

**- સિતાંશુ યશશ્ચન્દ્ર,**

**પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદ.**

સાંપ્રત ગુજરાતી સાહિત્યમાં અનેકવિધ પ્રદાન કરનારાં અને પોતાના આંતરજીવનમાં અનેકવિધ પ્રયોગો કરનારાં કુન્દનિકા કાપડીઆનું અવસાન આ ૩૦મી એપ્રિલે થયું. ગુજરાતી સાહિત્ય પરિષદ આપણાં એક અગ્રણી વાર્તાકાર, નવલકથાકાર અને સંપાદકને નિવાપાંજલી અર્પે છે.

એમનાં પ્રલંબ અને સમ્રુધ્ધ જીવનના વિવિધ તબક્કા અને વિવિધ પાસાં આજે એકસાથે જોનારા એમનાં વાચકો સમક્ષ કુન્દનિકાબહેનની એક ધ્યાનાર્હ છબી, કોઈ કુશળ ચિત્રકારે મધ્યકાલીન ભારતીય શૈલીમાં આલેખેલા કોઈ વિશિષ્ટ લઘુચિત્ર સમી, ઉપસ્થિત થઈ શકે. જેમ એ શૈલીના લઘુચિત્રમાં એક જ વ્યક્તિ અનેક સ્થળે દેખાય, એમ ૧૯૨૭થી ૨૦૨૦ સુધીના દીર્ઘ સમયપટ ઉપર કુન્દનિકાબહેનના વૈવિધ્યસમ્રુધ્ધ વ્યક્તિત્વની અનેક સ્મરણીય ઓળખ અંકિત થઈ છે. ઈ. ૧૯૬૨થી ૧૯૯૦ સુધીના ત્રણ દશકો સુધી 'નવનીત' ડાયજેસ્ટનું લોકપ્રિય રીતિએ સફળ સંચાલન કરનારાં તંત્રી કુ. કુન્દનિકા કાપડીઆથી, મકરંદ દવેના સાનિધ્યમાં આધ્યાત્મ યાત્રા કરનારાં ઈશા માં સુધીની એમની જીવનસરણી આગવી અને ઓળખવા જેવી છે. એમનું નવલિકા અને નવલકથા લેખન આ પ્રવાહમાં વહેતે વહેતે પોતાના કલા-આકારો મેળવે છે.

જૂના મુંબઈના નાનાચોક, તારદેવના ભરચક વિસ્તારમાં 'નવનીત'-ની નાનકડી ઓફિસમાં એનાં તંત્રી મહાનગરની સંસ્કૃતિમુદ્રાઓ એ સામયિકમાં ઉપસાવતાં જતાં હતાં. નગરસંસ્કુતિમાં જે બિરદાવવા જેવું હતું એને બિરદાવતું, જે લજ્જાપાત્ર લાગ્યું એને શરમમાં નાખતું, છતાં એકંદરે મધ્યમાર્ગી એવું એ 'નવનીત' ડાયજેસ્ટ, એમની એક ઓળખ બન્યું. નંદીગ્રામનો પ્રાકુતિક/આધ્યાત્મિક માહોલ (મકરંદભાઈ સાથે રહીને છતાં એ અલગારી જ્ઞાનમાર્ગી કવિથી કેટલીક રીતે અલગ જણાય એવો) ઈશા માં એ પોતાના જીવનના અંતિમ સમયગાળામાં રચ્યો. 'સાત પગલાં આકાશમાં' (૧૯૮૪) તો એમની યશોદાયી કુતિઃ એમાં પ્રગટતી નારીની છબીનો સંબંધ નાનાચોકથી નંદીગ્રામ સુધીની એમની પોતીકી પ્રલંબ યાત્રા સાથે છે. એમાં એ નવલકથાની ગતિશીલતાનું રહસ્ય સમજવા મળે. 'પરોઢ થતાં પહેલાં' એ ૧૯૬૮માં પ્રકાશિત એમની નવલકથા. એના શીર્ષકનો પહેલો શબ્દ એના છેલ્લા શબ્દ સાથે જે રીતે જોડાય છે, એ રીત ધ્યાનાર્હ છે. એ બન્ને સમયોને એકસાથે સાચવતી રીતમાં એ વાર્તાકારની એક માર્મિક ઓળખ રહેલી છે.

ક્યારેક કોઈ સર્જકના સવિશેષ સાહિત્યિક પ્રદાનને એમની કોઈ યશસ્વી કૃતિની કે કાર્યની આભા કૈંક ઢાંકી દેતી હોય છે. 'સાત પગલાં આકાશમાં' અને 'નંદીગ્રામ'ની આભા એવી તો નથી નીવડીને? 'સાત પગલાં'-માં એક પ્રસંગ આલેખાયો છે. સુમિત્રા અને વસુધા વચ્ચેનો. 'ફટાફટ કાચનાં વાસણ ધોઈ નાખ્યાં' પછી, સુમિત્રા વસુધાને કહે છે કે પોતાને ઘેર, માંને મદદ કરવા માટે પણ, પોતે એ કામ કરતી નથી. નવાઈ પામેલી વસુધા પૂછે છે, 'વાહ, તો પછી માંને મદદ કેમ કરતાં નથી?' સુમિત્રા કહે છેઃ 'એ સિધ્ધાંતનો પ્રશ્ન છે.' ત્યાં વાત અટકી હોત તો? પણ અહીં તો એ સાંભળીને 'વસુધા હસી પડી.' અને બોલી, 'તમે પણ કમાલ છો. માંને મદદ કરવામાં સિધ્ધાંતનો પ્રશ્ન વળી શાનો?' જે કદાચ પોતાને પણ 'કમાલની' સમજતી હશે અંદર ક્યાંક, એવી સુમિત્રા કહે છેઃ 'સાચી વાત કહું?' ત્યાં વાત પૂરી થઈ હોત તો? નથી થતી. વસુધા સુમિત્રાને કહે છેઃ ' અને આખી વાત કહો.' (પા. ૭૭ -૭૮.). સાચી જ નહીં, આખી વાત કહેવાની આ કેવી કપરી કસોટી. દરેક સાચા લેખક સામે આવતી આ કેવી અશક્ય સરત ! સુમિત્રા તો પોતાની વાત આગળ ચલાવે છે. વર્જીનિયા વુલ્ફના સમયથી સચ્ચાઇ અને હિમ્મતથી કહેવાતી વાત ગુજરાતીમાં ફરી કહેવાય છે. સ્વાગત. પણ વસુધા અને વાચક વરતી ગયાં હોય કે 'આખી વાત' કહેવી, એ મૂકી મુકાય નહીં, ઊંચકી ઉંચકાય નહીં એવી, પ્રત્યેક સાચા સર્જક સામે આવતી અંતિમ કસોટી છે. કુન્દનિકા કાપડીઆ એ જાણે છે. – વાર્તાકાર, નવલકથાકાર અને આધ્યાત્મમાર્ગપ્રવાસિની કુન્દનિકા કાપડીઆ આ કસોટી સામે વસુધા રૂપે (ન કે સુમિત્રા રૂપે), જ્યાં જ્યાં પેશ થાય છે, ત્યાં ત્યાં ગુજરાતી સાહિત્યને અને સંસ્કૃતિને એમણે કરેલું સાચું પ્રદાન શોભી ઊઠે છે.

વ્યક્તિનું અવસાન એની સમગ્રતાને, એના આંતરવિરોધો અને એની વિકાસશીલતા સહિત, એક નજરે નિહાળવાનો અવસર આપે છે. શોકના આ પ્રસંગે સકલદર્શનની જવાબદારી સ્વીકારી, ગુજરાતી સાહિત્ય પરિષદ સ્વ. કુન્દનિકા કાપડીઆને શ્રધ્ધાંજલી અર્પે છે.

સમા, વડોદરા.

મે ૧, ૨૦૨૦.